# 11. મરજીવિયા

## સ્વાધ્યાય

1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો:

1) મરજીવિયાનાં પ્રિયજનો માટે નીચેનામાંથી કઈ બાબત લાગુ પડતી નથી?

(A) રડતાં રડતાં આડા ફર્યાં

(B) ખોટી રીતે જીવન ન વેડફવા કહ્યું

(C) મોઢું મીઠું કરાવી મરજીવિયાને વળાવિયા

(D) આવી વિનાશકર વાત ક્યાંથી વળગી તેવું વિચારવા લાગ્યાં

2) મરજીવિયા દરિયામાંથી શું શોધી લાવ્યા?

(A) ક્યારેય ન ખૂટે તેટલા મણિ-મોતીનો ખજાનો

(B) શંખ અને છીપલાં

(C) જહાજનો કાટમાળ

(D) ખાલી હાથે પાછા ફર્યાં

3) મરજીવિયા કઈ રીતે સમુદ્ર ભણી ઊપડ્યાં?

(A) નિરાશ અને મ્લાન વદને

(B) હિંમત હારીને

(C) ઉત્સાહથી ડગલાં ભરતાં

(D) પોતાના પ્રિયજનોના સહારે

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

4) નીચેનામાંથી કઈ બાબત સમુદ્રને લાગુ પડતી નથી?

(A) ડુંગરા જેવડાં મોજાં ઉછાળતો હતો.

(B) તાગ ના આવે તેટલું અતિ ઊંડું જળ હતું.

(C) અફાટ અને વિકરાલ સમુદ્ર ગર્જના કરી રહ્યો હતો.

(D) સમુદ્રનું જળ છીછરું હતું.

## 2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો:

1) મરજીવિયાને પ્રિયજનોએ કઈ શિખામણ દીધી?

- મરજીવિયાને પ્રિયજનોએ શિખામણ દીધી કે તમે તમારું જીવન આમ નાહકનું શા માટે વેડફી નાખો છો? તમને સમુદ્રમાં ઝંપલાવવાની આ વિનાશકારી આંધળી બલા ક્યાંથી વળગી? આમ કહીને પ્રિયજનોએ આંસુભરી આંખે મરજીવિયાને રોકવાનો પ્રયત્ન કર્યો.

2) સમદ્ર ભણી જતી વખતનો મરજીવિયાનો ઉત્સાહ તમારા શબ્દોમાં વર્ણવો.

- સમુદ્ર ભણી જવા માટે મરજીવિયાએ કમર કસી. તેઓ દૃઢનિશ્ચયી હતા. આથી એમણે ઉત્સાહથી ડગલાં ભરતાં સમુદ્ર તરફ પ્રયાણ કર્યું. એ વખતે એમની આંખોમાં તેજ હતું અને અંગેઅંગમાં અથાગ બળ હતું.

## 3. નીચેના પ્રશ્નોના સાત-આઠ વાક્યોમાં ઉત્તર લખો:

1) 'મરજીવિયા' કાવ્યમાં વ્યક્ત થતો જીવન માટેનો દૃષ્ટિકોણ તમારા શબ્દોમાં ચર્ચો.

- સમુદ્રમાં છેક તળિયા સુધી ડૂબકી મારીને મોતી લાવનારાઓને 'મરજીવિયા' કહે છે. તેઓ જાણે છે કે સમુદ્રનાં પાણી ઊંડાં છે. એમાં અનેક હિંસક જળચર પ્રાણીઓ છે. તેમ છતાં એમનું મન મક્કમ છે. એમનાં હૃદયમાં ઉત્સાહ અને સાહસ છે. તેઓ પ્રિયનોના વાર્યા વળતા નથી. એમનું એક જ લક્ષ્ય છે. આથી સહેજ પણ ડર્યા વગર તેઓ જીવનું જોખમ ખેડે છે. તેઓ મૃત્યુના મુખમાં પ્રવેશ્યા હોય એમ સમુદ્રનાં અંધકારમય તળિયાં ખૂંદી વળે છે. પરિણામે તેઓ મણિમોતીનો અખૂટ ખજાનો મેળવીને બહાર આવે છે. મરજીવિયાની જેમ મનુષ્યએ પણ જીવનમાં ગમે તેવા સંઘર્ષોનો સામનો કરવો પડે, તો એનાથી સહેજ પણ ડરવું જોઈએ નહિ. જો મનુષ્યના મનમાં દૃઢનિશ્ચય હોય, હૃદયમાં

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ઉત્સાહ અને સાહસ હોય, તો તે પોતાના નિશ્ચિત લક્ષ્ય સુધી પહોંચીને મણિમોતી જેવી કીમતી વસ્તુઓ મેળવી શકે છે.

**2) મરજીવિયાની સફળતા પાછળનું રહસ્ય તમારા શબ્દોમાં જણાવો.**

- મરજીવિયા સમુદ્રના તળિયેથી મણિમોતીનો ખજાનો મેળવવામાં સફળ થાય છે, કારણ કે એ દૃઢનિશ્ચયી છે. એમના હૃદયમાં ઉત્સાહ અને આંખોમાં તેજ છે. એમનાં અંગેઅંગમાં અતિશય બળ છે. તેઓ પ્રિયજનોનાં આંસુ કે શિખામણથી પણ વિચલિત થતા નથી. એમને સમુદ્રની વિકરાળ અફાટ ગર્જનાનો પણ ડર લાગતો નથી. તેઓ જીવનું જોખમ ખેડવા તૈયાર થાય છે અને મૃત્યુના મુખ સુધી પહોંચવાનું બીડું ઝડપે છે. આ સાહસિક મરજીવિયા સમુદ્રનાં તળિયાં ખૂંદી વળે છે અને મણિમોતીનો અમૂલ્ય ખજાનો લઈને બહાર આવે છે. મરજીવિયાની સફળતા પાછળનું રહસ્ય એમનામાં રહેલા ગુણો સાહસિક વૃત્તિ, દૃઢનિશ્ચયીપણું અને ધ્યેય પામવાની વૃત્તિ જેવા ગુણો છે.

**4. નીચેની કાવ્યપંક્તિ સમજાવો:**

'ખૂંદ્યાં મરણનાં તમોમય તળો અને પામિયા
અખૂટ મણિમોતીકોષ, લઈ બ્હાર એ આવિયા.'

- સાહસિક મરજીવિયાએ સમુદ્રના છેક તળિયે સુધી ડૂબકી મારી; પરંતુ ત્યાં તો મૃત્યુના મુખમાં પ્રવેશ્યા હોય તેવું ગાઢ અંધકારમય વાતાવરણ હતું. પાણીમાંનાં અનેક હિંસક જળચર પ્રાણીઓથી સહેજ પણ ડર્યા વગર તેઓ સમુદ્રને ખૂંદી વળ્યા અને અમૂલ્ય અખૂટ મણિમોતીનો ખજાનો લઈને હેમખેમ બહાર આવ્યા.

  જીવનમાં પણ આવી સાહસિક વૃત્તિ, દૃઢનિશ્ચયીપણું અને ધ્યેય પામવાની વૃત્તિ તો માનવી જીવનું જોખમ ખેડીને ગમે તેવા સંઘર્ષોનો સામનો કરી શકે છે અને નિશ્ચિત લક્ષ્ય સુધી પહોંચવામાં સફળ થાય છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in